આપણું પોતાનું અખબાર

ત્યાં સુધી મને ફેંકાઇ જવાનો ભય રહ્યો કર્યો જ્યાં સુધી મારી જાતમાં મને વિશ્વાસ ન હતો
- ડો. વીજળીવાળા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૧૯ | ૨ ફેબ્રુઆરી, ૨૦૧૫, સોમવાર ; મહા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં સ્વાઈન ફ્લુનો કહેર

## કલોલમાં ૬૦ વર્ષની વૃદ્ધાને સ્વાઈન ફ્લુ પોઝેટીવ તથા દહેગામના ૪૭ વર્ષીય મહિલાને પણ સ્વાઈન ફ્લુ પોઝેટીવ છે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના આજે વધુ બે કેસ પોઝીટીવ નોંધાતા આરોગ્ય તંત્રની ઉંઘ ઉડી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ઔદ્યોગિક નગર કલોલમાં આજે ૬૦ વર્ષની એક વૃદ્ધાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવ્યો છે. જેને કલોલ શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. તો દહેગામના નહેરૂનગર ચોકડી વિસ્તારમાં ૪૭ વર્ષિય એક મહિલાને પણ સ્વાઈન ફ્લુ પોઝીટવ આવ્યો છે. જેને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આરોગ્ય તંત્રના સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે બન્ને દર્દીઓની સ્થિતિ સ્થિર છે. અને ધીમી ગતીએ સુધારો જણાઈ રહ્યો છે. ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના છેલ્લા એક સપ્તાહમાં છ કેસ નોંધાયા છે. દહેગામમાં અગાઉ એક મહિલાનું મૃત્યુ નોંધાયેલ છે.



અંબોડમાં અશ્વ મેળો જામ્યો



# આવતીકાલે મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં અંદાજપત્રમાં સુધારાઓ કરાશે

## ડ્રાફ્ટ બજેટ ૧૫૫ કરોડનું હતું તેને વધારીને ૧૭૦ કરોડનું કરાશે

ગાંધીનગર, તા. ૧

મંગળવારે મહા-નગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં વર્ષ-૨૦૧૫-૧૬ના બજેટને સુધારા-વધારા સાથે મંજૂર કરવામાં આવશે.

સ્થાયી સમિતિના ચેરમેનશ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળનારી આ બેઠકમાં કમિશનરશ્રી દ્વારા રજુ કરાયેલા ડ્રાફ્ટ બજેટમાં કેટલાક સુધારાઓ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. આ ડ્રાફ્ટ બજેટ જે રૂ. ૧૫૫ કરોડનું છે તે વધારીને ૧૭૦ કરોડની આસપાનું કરવામાં આવશે તેવી ચર્ચાઓ રાજકીય ગલિયારીઓમાં થઈ રહી છે.

સ્થાયી સમિતિની આ બેઠકમાં પ્લાસ્ટ ઈન્ડિયાની નેશનલ ઈવેન્ટ માટે સફાઈની કામગીરીને લઈ ૩૦૦ રોજમદાર સફાઈકામદારોની નિમણુંક માટે કમિશનરને સત્તાઓ આપવાનો મુદ્દો ઉપરાંત વર્ષ દરમ્યાન મૃત્યુ પામનાર મનપાના કર્મચારીઓને નાણાંકીય સહાય આપવાના મુદ્દે પણ નિર્ણય લેવામાં આવનાર છે.

સ્થાયી સમિતિની આ બેઠકમાં આવકના સ્રોત માટે ગંભીર ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે. મિલ્કતવેરાની તેમજ વ્યવસાય વેરાની વસુલાત માટે અસરકારક વ્યવસ્થાતંત્ર ઉભુ કરવા પર વિશેષ ભાર મુકવામાં આવે તેવી શક્યતાઓ છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર તરફથી તાજેતરમાં બાંધકામોની મંજૂરીને સત્તા સુપ્રત કરાતાં હવે બાંધકામ વિભાગમાં કોમ્પેક્ટર વસાવવા અંગે પણ નિર્ણય લેવામાં આવનાર છે.

મહાનગરપાલિકા શહેરમાં સફાઈ ઝુંબેશને વધુ અસરકારક બનાવવા માટેનો એક્શન પ્લાન પણ આ બેઠકમાં રજુ થાય એટલુ જ નહિ સ્લમ એરિયા માટે રેડીમેઈડ મોબાઈલ ટોઈલેટ ખરીદવાની કમિશનરની દરખાસ્ત પર મહત્વનો નિર્ણય લે તેવી શક્યતાઓ છે.

ગાંધીનગર મહા-નગરપાલિકામાં આવકના સિમીત સાધનો છે અને સેવામાં સફાઈની સેવા સુપ્રત કરાયેલી છે ત્યારે સફાઈની વ્યવસ્થા અંગેનું તંત્ર વધુ સઘન મોનીટરીંગ સાથે અસરકારક બનાવવામાં આવે તેવી સભ્યોની લાગણીને આ બેઠકમાં વાચા આપવામાં આવે તેવી શક્યતાઓ છે.

## મહત્તમ તાપમાન વધતા ઠંડી ઘટી

ગાંધીનગર, તા. ૧

છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી હાડ થીજવતી ઠંડીથી વસાહતીઓને હવે છુટકારો મળી રહ્યો હોય તેવુ લાગી રહ્યું છે. મહત્તમ તાપમાન વધતા હવે ઠંડીમાં રાહત મળી છે.

જાન્યુઆરી માસની ઠંડી વસાહતીઓને ખુબ હેરાન પરેશાન કરી ગઈ. હાડ થીજવતી ઠંડીની સાથે સુસવાટા મારતા પવનના કારણે વસાહતીઓ ટાઢમાં ઠુંઠવાયા હતા. ૨૪ કલાક ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવુ પડે તેવી હાલત હતી. જો કે છેલ્લા બે દિવસથી ઠંડીમાં રાહત મળી છે. મહત્તમ તાપમાનમાં રવિવારે ૩૦ ડિગ્રી સુધી પહોંચી જતાં વસાહતીઓએ ખુબ રાહત અનુભવી હતી. ઠંડીમાં રાહત મળતા વસાહતીઓએ રવિવારની રજાને માણી હતી. લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી નોંધાયું હતું અને ભેજનું પ્રમાણ સવારે ૬૦ ટકા અને સાંજે ૨૮ ટકા રહ્યુ હતુ.

# રવિવારે અંબોડ અશ્વ મેળામાં માનવ મહેરામણ ઉમટ્યો

## ૬૦૦ થી વધુ અશ્વો, ઓફ રોડ ડેઝર્ટ બાઈક અને મોતનો કુવો જેવા એમ્યુઝમેન્ટે મુલાકાતીઓમાં આકર્ષણ જમાવ્યુ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આવેલ અંબોડ ખાતે સાબરમતી નદીના પટમાં અંબોડ અશ્વ મહોત્સવ-૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા ચાર દિવસથી ચાલુ આ અશ્વ મહોત્સવમાં આજે રવિવારે મુલાકાતીઓની ભારે ભીડ જોવા મળી હતી. આ અશ્વ મહોત્સવમાં પ્રથમવાર પરિવાર-બાળકોના મનોરંજન માટે એમ્યુઝમેન્ટની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.



આ મહોત્સવમાં આશરે ૬૦૦ જેટલા હણહણતા અશ્વો ભાગ લઈ રહ્યા છે. જેમાં કાઠિયાવાડી, સિંધી, મારવાડી, પૂજની અને પંજાબી ઓલાદના તેજીના તોખાર સમા અશ્વો મુલાકાતીઓમાં ભારે આકર્ષણ જમાવી રહ્યા છે. આ ઉપરાંત ઓફ રોડ ડેઝર્ટ બાઈક જેવા એડવેન્ચર સ્પોર્ટસ વ્હીકલ્સ પણ મુલાકાતીઓમાં ભારે ઉત્સુકતા જન્માવી રહ્યા છે. આ અશ્વ મહોત્સવમાં અશ્વોનું ખરીદ વેચાણ પણ કરવામાં આવી રહ્યું છે. તેમજ અશ્વોના ઉછેર, સારસંભાળ અને અશ્વ સવારી માટે ઉપયોગી અનેકવિધ ચીજવસ્તુઓ અને એક્સેસરીઝ પણ વેચાણ અર્થે મુકાયેલ છે. આ અશ્વ મહોત્સવમાં દહેગામથી આવેલ એક 'મહેંદી' નામની ઘોડીની કિંમત રૂપિયા ૨૧ લાખ છે. આ ઘોડીને ખાટલા પર નૃત્ય કરતી જોઈ તમામ લોકો દંગ રહી જવા પામે છે.

આ અશ્વ મહોત્સવમાં ત્રીસથી વધુ તંબુ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં એક તંબુ ગુજરાત સરકારના ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા વિભાગનો છે. જેમાં રંગલો-રંગલીના પાત્રો દ્વારા નાટક રજુ કરાય છે. આ નાટકમાં લોકોને પાણી બચાવો અંગેનો સંદેશો આપવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત અહી મોતનો કુવો, ચકડોળ જેવા અનેક આકર્ષણો ઉભા કરાયાં છે. જેના કારણે રવિવારે મુલાકાતીઓએ પરિવાર સહિત ભારે ભીજ જમાવી હતી. એક મોટો ફુગ્ગો જેમાં બાળકોને અંદર બેસાડી ગોળ ગોળ ફેરવવામાં આવી રહ્યો છે. તે પણ સહેલાણીઓને ખુબ આકર્ષી રહ્યો છે. અનેક ઘોડાઓને નદીના પટમાં દોડાવતા નચાવતા અને બે પગે ઉભા કરતા જોઈ લોકો મોઢામાં આંગણા નાખી જાય છે.

આ મેળામાં વિવિધ અંતરની અશ્વદોડ પણ યોજાઈ રહી છે. આવતીકાલે સૌથી લાંબી ૧૨૦ કિમીની રેસ પણ યોજાનાર છે. આ અશ્વ શૉ ને જોવા ઉમટેલા માનવ મહેરામણને જોઈ ભાગ લઈ રહેલા અશ્વ માલિકો પણ આનંદમાં આવી ગયા હતા.

# બોરીજ શાળા બાળ ફિલ્મ ફેસ્ટીવલમાં વિજેતા

## ગુજરાતી માધ્યમના શ્રમિક પરિવારના બાળકોની અનોખી સિધ્ધિ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામની પ્રા. શાળાના બાળકોએ બાળ ફિલ્મ મહોત્સવમાં 'બેસ્ટ એનીમેશન ફિલ્મ' તેમજ 'બેસ્ટ પરફોમન્સ ઓફ ફેસ્ટીવલ'ના બે પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યુ છે.

બોરીજ પ્રા. શાળામાં અભ્યાસ કરતા શ્રમિક પરિવારના બાળકોએ સસલા કાચબા અને માછલીને લઈ બનાવેલી એનીમેશનની ફિલ્મોને બેસ્ટ એનીમેશન ફિલ્મના એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી.

આજ બાળકોએ જળ, હવાઈદળ, ઊર્જાને લગતા વિજ્ઞાન વિષયના પ્રોજેકટસ પણ આબેહુબ રીતે રજુ કર્યા હતા. ખાસ કરીને પવનચક્કીથી ઉર્જાનું ઉત્પાદન સૌ શ્રાવકોને સ્પર્શી ગયેલ. બાળકોને તેમના આ પ્રોજેકટસ નિદર્શન માટે બેસ્ટ પરફોમન્સનો ખાસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

બોરીજના શ્રમિક પરિવારના બાળકો દ્વારા એનીમેશન ફિલ્મ તૈયાર કરવાની તાલિમના સમાચારો અખબારોમાં પ્રગટ થયા હતા. આ ૮ બાળકોની ટીમે રાજકોટ ખાતે યોજાયેલ બાળ ફિલ્મોત્સવમાં ધૂમ મચાવી હતી.

બોરીજ પ્રા. શાળાના આચાર્યા કાશ્મીરાબેન વ્યાસે જણાવ્યું હતું કે બાળકોની મહેનત અને ધગશે ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. તેમણે જણાવ્યું હતું કે બાળકોને યોગ્ય તાલીમ મળતાં આ ગૌરવ પ્રાપ્ત થયું છે. ચિલ્ડ્રન યુનિ.ના પાયલોટ પ્રોજેકટ અંતર્ગત આ બાળકોએ અનેરી સિધ્ધિ મેળવી છે તેનાથી શાળા પરિવાર ગૌરવ અનુભવે છે.

બોરીજ ગામના પ્રા. શાળામાં હાલ ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

સૌરાષ્ટ્રના રાજકોટ શહેર ખાતે યોજાયેલ બાળ ફિલ્મોત્સવમાં રાજય શિક્ષણમંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીના હસ્તે બાળકોને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

જે ૮ બાળકોએ આ બાળ ફિલ્મ મહોત્સવમાં ઈનામો મેળવ્યા છે તેમાં રાહુલ યાદવ, દેવુસિંહ ઝાલા, પુનિતગીરી ગોંસાઈ, હીના વણકર, પૂજા સોલંકી, કોયલ ગોહિલ, હિરલ પંચાલ અને વિશાલ ઠાકોરનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાના - ૭ પર

## રાજ્યભરમાં પુરસ્કૃત વિદ્યાર્થીઓને એક કરોડના રોકડ ઈનામો

ગાંધીનગર,તા. ૧

શિક્ષણ વિભાગની એક યાદીમાં જણાવ્યા પ્રમાણે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના પુરસ્કુત થયેલા ૨૮,૦૦૨ વિદ્યાર્થીઓને ઈનામ સ્વરૂપે રૂ. ૧ કરોડ કરતાં વધુ રકમ આપવામાં આવશે. કલસ્ટર કક્ષાએ, તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ એમ ચાર કક્ષાઓમાં આ ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળા કક્ષાએ પસંદ કરેલ પ્રથમ ત્રણ ચિત્રો પૈકી પ્રથમ ક્રમનું ચિત્ર કલસ્ટર કક્ષાએ મોકલવાનું અને કલસ્ટર કક્ષાએ પસંદ કરેલ પ્રથમ ત્રણ ચિત્રો પૈકી પ્રથમ ક્રમનું ચિત્ર તાલુકા કક્ષાની સમિતિને મોકલાશે.




સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફિસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ભેજનું 100% નિવારણ
૫ વર્ષની ગેરંટી
HOME SOLUTION
9558189429

સ્પેશ્યલ ઓફર
લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/-* માં
સેટ, પાટલા, ચેન, લકી, મંગલસુત્ર, કાનસેર, બુટ્ટી, વીંટી, પેન્ડલ, કડી
ઓછી મજુરી મોટું વળતર
૯૧૬ હોલમાર્ક વાળા દાગીના
મજુરી ફક્ત રૂા. ૧૫૧/-* પ્રતિ ગ્રામ
(શેરથાવાળા)
N.C. Zaveri
Gold, Jadtar, Antique, Real Diamond & Silver
૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.
(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)